ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૧/ ૧૩૨૧૮-૧૯

કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં. ૯/૧, ડૉ. જી.એમ. ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૩૧/૦૭/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી
તમામ.

વિષય:- રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના સમય નિયત કરવા બાબત

સંદર્ભ: (૧) કમિશનર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૧/ ૧૦૭૦૫-૦૬, તા.૦૫/૦૭/૨૦૨૦
(૨) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક: મશબ/૧૨૨૦/૮૭૪/ઈ, તા.૨૩/૦૭/૨૦૨૧

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સદર કચેરીના સંદર્ભ (૧) ના પત્રથી તા.૩૧-૦૭-૨૦૨૦ સુધી રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનો સમય સવારનો રાખવા અંગે સુચના આપવામાં આવેલ હતી. પરંતું, શિક્ષણ વિભાગના તા.૨૩/૭/૨૦૨૧ ના સંદર્ભ (૨) ના પરિપત્રથી ધો.૯ થી ૧૨ ની શાળાઓમાં તા.૨૬/૦૭/૨૦૨૧ થી પ્રત્યક્ષ શિક્ષણકાર્ય શરૂ કરવા સૂચના આપવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતે રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયેલ હોઈ શાળાઓનો સમય કોરોના મહામારી પૂર્વે જે-તે શાળામાં નિર્ધારિત થયેલ હતો, એટલે કે જે શાળાઓમાં સવારનો સમય હતો તે શાળાઓમાં સવારનો સમય અને જે શાળાઓમાં બપોરનો સમય હતો તે શાળાઓમાં બપોરનો સમય, તે જ પ્રકારે પુન: શાળાઓનો સમય કોરોના મહામારી પૂર્વેની પદ્ધતિ મુજબ યથાવત કરવા અંગે આપના તાબા હેઠળની તમામ સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

(એચ.એન. ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

**નકલ સવિનય રવાના:**

-માન. સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.